**(પરિપત્રનો અભ્યાસ કર્યા બાદ જ ધોરણ-10/12નું પરિણામ વિતરણ કરવું)**

પરિપત્ર

**SSC/HSC**

પત્રક્રમાંક:-મઉમશબ/SSC/પરિણામ/પૂરક-2024/195

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, સેક્ટર-10/બી,
જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.05/08/2024

(1) પ્રતિ,
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ).

(2) પ્રતિ,
**આચાર્યશ્રી,**
માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય (તમામ).

**વિષય:-** પૂરક-2024 પરીક્ષાના ઉમેદવારોના પરિણામ વિતરણની કાર્યવાહી બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, પૂરક-2024 પરીક્ષાના ઉમેદવારોના પરીક્ષાના પરિણામના ગુણપત્રક/પ્રમાણપત્ર અને S.R.ના થેલા તેમજ શાળાકીય પ્રવૃતિ કેલેન્ડર 2024-25 તા:-06/08/2024ના રોજ જિલ્લા કક્ષાએ સૂચવેલ નિયત સ્થળે બોર્ડ દ્વારા મોકલી આપવામાં આવશે. જે બાબતના કચેરી આદેશ અત્રેથી કરવામાં આવેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સૂચવે તે સ્થળેથી **તા:-07/08/2024ને બુધવારના રોજ** શાળાના જવાબદાર કર્મચારી પાસેથી મુખત્યારપત્ર મેળવી શાળાઓને પરિણામના પેકેટ સુપ્રત કરવાના રહેશે. **જેનો શાળાના આચાર્યશ્રીએ પૂરતો અભ્યાસ કરી પરિણામના ગુણપત્રક/પ્રમાણપત્ર ઉમેદવારને વિતરણની કાર્યવાહી નીચેની સૂચનાઓને ધ્યાને રાખી કરવાની રહેશે.**

- **સૂચનાઓ :**

1) ઉમેદવારના ગુણપત્રકનું SR સાથે વેરીફીકેશન કર્યા બાદ જ તેનું વિતરણ કરવું.
2) તા:-07/08/2024ના રોજ શાળાના જવાબદાર કર્મચારી મુખ્ત્યાર પત્ર રજૂ કર્યેથી પરિણામના પેકેટ વિતરણ કરવાના રહેશે. વિતરણ બદલ શાળાના જવાબદાર કર્મચારીની સ્વીકારવા બદલની સહી અને સંપર્ક નંબર અવશ્ય મેળવવાનો રહેશે.

3) પરિણામ વિતરણ વખતે કોઇ શાળાનું પેકેટ કે કોઇ શાળાના વિદ્યાર્થીનું ગુણપત્રક/પ્રમાણપત્ર ન મળે તો તત્કાલ બોર્ડના ધોરણ-10 એસ.એસ.સી. માટે ઇ-મેઇલ આઇ.ડી. sscabc51@gmail.com, ધોરણ-12 સામાન્યપ્રવાહ માટે hsck1gseb@gmail.com અને ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહ માટે gsebhscscience@gmail.com પર શાળાના લેટરહેડ પર સહિ-સિક્કા સાથે રજૂઆત મોકલી આપવાની રહેશે. જેમાં વિદ્યાર્થીના સીટ નંબર અવશ્ય દર્શાવવાના રહેશે. જે બદલ અત્રેથી કાર્યવાહી કરી મોકલી આપવામાં આવશે.

4) પૂરક પરીક્ષાના પરિણામના થેલા શાળા ઇન્ડેક્ષ નંબર પ્રમાણે સીરીયલમાં ગોઠવેલ છે. જિલ્લા કક્ષાએ અવ્યવસ્થા ન સર્જાય તે રીતે જિલ્લા કક્ષાએથી આયોજન કરી વિતરણની વ્યવસ્થા કરવાની રહેશે અને જે સ્થળે વિતરણ રાખવાનું હોય તે સ્થળની જાણ સ્થાનિક કક્ષાએથી કરવાની રહેશે.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક
(પરીક્ષા માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**સવિનય નકલ રવાના જાણ સારૂં:-**

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
3. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર